# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છના ધોરડો સફેદ રણની મુલાકાતે**
2) **રાજ્યના GST વિભાગે 6 કરોડ 70 લાખ રૂપિયાથી વધુની કરચોરી પકડી**
3) **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે ભાવનગરમાં 151 કરોડ રૂપિયાથી વધુના 11 વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.**
4) **રાજ્યભરમાં ગઈકાલે યોજાયેલી આ વર્ષની છેલ્લી લોક-અદાલતમાં 3 લાખથી વધુના કેસનો નિકાલ કરાયો.**
5) **રાજ્યમાં આગામી દિવસોમાં ઠંડીનું મોજું યથાવત્ રહેવાની આગાહી**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM DHORDO VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છના ધોરડો સફેદ રણની મુલાકાતે આવશે. દરમિયાન તેઓ કળા બજાર, ખાદ્ય બજારની મુલાકાત લઈ સાંજે સફેદ રણને નિહાળશે. પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ભારતીય ટપાલ વિભાગના “રણોત્સવ 2024-25” વિષયવસ્તુ પર આધારિત વિશેષ ટપાલ કવરનું વિમોચન કરાશે.

ઉપરાંત શ્રી પટેલ સફેદ રણના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી થશે. આ મુલાકાત દરમિયાન પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા તેમની સાથે ઉપસ્થિત રહેશે.

---

- **(PTC WEST KUTCH- PRAVESH ADIACHA)**, NAVIN

# MORBI VIKAS KAM

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ તાપી જિલ્લાના સોનગઢના પીપળ ગામથી 21 કરોડથી વધુના ખર્ચે 7 પ્રકલ્પોનું ખાતમૂહુર્ત કર્યું હતું.

આદિવાસી સમુદાયને વિકાસની મુખ્યધારા સાથે જોડવા અને તેમના સર્વાંગી વિકાસ માટે આદિજાતિ વિભાગ માટે 43 કરોડ 74 લાખ રૂપિયાનું વિશેષ બજેટ તૈયાર કરાયું છે. આ અંગે શ્રી હળપતિએ માહિતી આપી હતી.

બાઇટ ; કુંવરજી હળપતિ

---------------------------------------------------------------------

- APARNA KHUNT, NAVIN

# GST CHORI

રાજ્યના જીએસટી એટલે કે, વસ્તુ અને સેવા કર વિભાગે અંદાજે 6 કરોડ 70 લાખ રૂપિયાથી વધુની કરચોરી પકડી પાડી છે. સત્તાવાર યાદી મુજબ, જીએસટી વિભાગે 11 ડિસેમ્બરે ગ્રાહકોને ડિઝાઈનર ડ્રેસ સૂટ અને અન્ય સાધનો સહિત લગ્નના વસ્ત્રો ભાડે આપવાના વેપાર સાથે સંકળાયેલા કુલ 43 વેપારીઓની જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા.

રાજ્યના નવ શહેરમાં હાથ ધરાયેલા તપાસ અભિયાન દરમિયાન અંદાજે 6 કરોડ 70 લાખ રૂપિયાની વેરાચોરી અને અંદાજે 8 કરોડ 50 લાખ રૂપિયાની જવાબદારી શોધી કાઢવામાં આવી હતી. તેમજ બિન-હિસાબી વેચાણ અને વેરાની ઓછી જવાબદારી દર્શાવવા જેવી ગેરરીતિઓ પણ જાણવા મળી હતી.

---

- **(PTC AHMEDABAD- PRAVESH ADIACHA)**, NAVIN

# NIYAMAK ADHIKARI VIKRAMSING JADAV

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુદી જુદી યોજનાઓના લોન સહાય વિતરણ કાર્યક્રમમાં મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ ભીખુસિંહ પરમારે 3 લાખ 53 હજાર 407 લાભાર્થીઓને લોનસહાયના ચેક વિતરણ કર્યા હતા. આ અંગે ગાંધીનગર સામાજિક વિકસિત જાતિ વિભાગના નિયામક અધિકારી વિક્રમસિંહ જાદવે માહિતી આપી હતી.

## બાઇટ – વિક્રમસિંહ જાદવ, નિયામક અધિકારી સામાજિક વિક્સિત જાતિ વિભાગ ગાંધીનગર

---

- APARNA KHUNT, NAVIN

# BHAVNAGAR MANSUKH MANDVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે ભાવનગરના પ્રવાસે આવશે. શહેરના લોકોની સુખાકારી માટે 149 કરોડ રૂપિયાથી વધુના 11 જેટલા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને બે કરોડ રૂપિયાના એક કામનું લોકાર્પણ કરાશે.

શ્રી માંડવિયા ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમ ખાતે ભાવનગર મહાનગરપાલિકાના લોકાર્પણ-ખાતમુર્હૂત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બપોરે તેઓ P.M.S.S.Y. સર. ટી. હોસ્પિટલની મુલાકાત લઈ અનાજના A.T.M.ની મુલાકાત લેશે.

---------------------------------------------------------------------

- REPEAT

# LOK ADALAT

સમગ્ર રાજ્યમાં ગઈકાલે યોજાયેલી આ વર્ષની છેલ્લી લોક-અદાલતમાં 3 લાખ 30 હજાર 655 પ્રિ-લિટિગેશન કેસના સમાધાન થયા હતા. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, લોક-અદાલતમાં ઈ-ચલણના 2 લાખ 85 હજાર 837 કેસ પૂરા થતાં 17 કરોડ 15 લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા છે. રાજ્યભરની અદાલતોમાં પડતર દામ્પત્ય જીવનને લગતા 3 હજાર 304, 10 વર્ષ જૂના 1 હજાર 296 કેસનો નિકાલ કરાયો છે.

લોક-અદાલતમાં વિવિધ તકરારના અંદાજે 3 લાખ 30 હજાર 207 જેટલા કેસ સમાધાન માટે મુકાયા, જે પૈકી 2 લાખ 46 હજાર 184 કેસનો નિકાલ કરાયો અને અંદાજે એક હજાર 270 કરોડ રૂપિયાના એવોર્ડ દોરવામાં આવ્યા હતા.

રાજ્યમાં સૌથી વધુ કેસનો નિકાલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અદાલત અમદાવાદ સિટીમાં નિકાલ કરાયો છે. આંકડા જોતાં આગામી સમયમાં કાયમી ધોરણે આ મધ્યસ્થીની વ્યવસ્થા ચાલુ રાખી પ્રતિમાસ વિશેષ લોક-અદાલતનું આયોજન કરવાનું મુખ્ય ન્યાયાધીશે નિર્ણિત કર્યું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2024માં યોજાયેલી ચાર લોક-અદાલતમાં કુલ 21 લાખ 61 હજાર 48 કેસનો નિકાલ કરાયો છે.

---------------------------------------------------------------------

- **(PTC AHMEDABAD- PRAVESH ADIACHA)**, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

........................................

# AHMEDABAD AIRPORT AWARD

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતર-રાષ્ટ્રીય હવાઈમથક SVPIને તેની ઊર્જા કાર્યક્ષમતામાં નવીન અભિગમ માટે ભારત સરકાર દ્વારા પુરસ્કાર એનાયત કરાયો છે. નેશનલ એનર્જી કન્ઝર્વેશન ખાતે સંરક્ષણ પુરસ્કાર 2024 NECAમાં સર્ટિફિકેટ ઑફ મેરિટ જીતીને આ હવાઈમથકે આગવી ઓળખ બનાવી છે. તેમજ આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવનારું તે દેશનું એકમાત્ર હવાઈમથક પણ બન્યું છે.

સત્તાવાર યાદી મુજબ, આ હવાઈમથકે ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતી અદ્યતન પ્રણાલિઓ સ્થાપિત કરી ઓછા કાર્યક્ષમ ચિલર અને કૂલિંગ ટાવર્સને બદલ્યા છે. તેના પરિણામે ઊર્જા ઉપયોગમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઉપરાંત રિયલ-ટાઈમ ઊર્જા ઉપયોગનું નિરીક્ષણ કરવા સ્માર્ટ એરપોર્ટ પ્રોજેક્ટ અંતર્ગત અદ્યતન તકનીકો અપનાવી છે.

ઉલ્લેખનીય છે કે, ઊર્જા કાર્યક્ષમતામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતી સંસ્થાઓનું સન્માન કરવા NECA પુરસ્કાર ભારત સરકારના પાવર મંત્રાલયની ઊર્જા કાર્યક્ષમતા કચેરી દ્વારા એનાયત કરાય છે.

---------------------------------------------------------------------

- **(SVPI PRESS NOTE- PRAVESH ADIACHA)**, NAVIN

# FARMERS OF SAURASHTRA

સૌરાષ્ટ્ર અને અમરેલી જિલ્લાના ખેડૂત બાગાયત ખેતી તરફ વળી રહ્યા છે જ્યારે અમરેલી જિલ્લાના ચમારડી ગામના ખેડૂતો બાગાયત પાકમાં વાર્ષિક 6 લાખ રુપિયાના લાલ સિતાફળની ખેતા કરી સારુ એવું ઉત્પાદન મેળવી રહ્યા છે. આ અંગે ખેડૂત ગોકુળ અસલલિયાએ માહિતી આપી હતી.

બાઇટ ગોકુળ અસલલિયા (ખેડૂત)

---

- APARNA KHUNT, NAVIN

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી દિવસોમાં ઠંડીનું મોજું યથાવત્ રહેવાની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે ઠંડીનું પ્રમાણ વધુ રહ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. જે સામાન્ય કરતાં 4 ડિગ્રી ઓછું હતું. જ્યારે કંડલામાં 8, ડીસામાં 9 અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવ, દમણ, દાદરા-નગરહવેલીમાં હવામાન સૂકું રહેવાની પણ આગાહી છે.

---------------------------------------------------------------------

- Imd /રૂપલ

, NAVIN

# DAMAN STUDENT ROBOTICS

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવની સરકારી શાળાના વિદ્યાર્થીઓએ એસ્ટોનિયા યુરોપમાં યોજાયેલી રોબોટેક્સ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભારતીય રાજદૂતભવન દ્વારા આ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. લાઈન-ફોલોઇંગ રોબોટ, ફાયર ફાઇટિંગ રોબોટ, ફોક રેસ અને એંટરપ્રેન્યોરશિપ ચેલેન્જમાં ભાગ લઇ વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું. તેમણે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સથી પ્રેરિત પ્રોજેક્ટ જેવા એઆઈ બેસ્ડ વેસ્ટ સેગરેગેશન સીસ્ટમ બાળકોની દેખભાળ માટે રોમા રોબોટ અને મિક્સડ રીયાલીટી એપ પ્રસ્તુત કરી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી-દમણ-હર્ષલ પંડ્યા-યશ્વી

# KHEDA NATURAL FARMING

રાજકોટની મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ ખેડા જિલ્લાની મુલાકાત લઇ પ્રાકૃતિક ખેતીની સમજણ મેળવી હતી. ખેડા જિલ્લાના ખેડૂતો દેશી ગાય અને મિશ્ર પાક આધારિત ખેતી દ્વારા આવક મેળવતા થયા છે. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ જીવામૃત, ઘનજીવામૃત, દસપર્ણી અર્ક, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર અને અગ્નિઅસ્ત્રના પ્રાયોગિક ઉપયોગ વિશે માહિતી મેળવી હતી.

---

- ખેડા- પીટીસી- રિધ્ધિ, NAVIN

# PRAFUL PANSERIYA ON SWEATER ISSUE

શિયાળાની કડકડતી ઠંડીમાં કેટલીક શાળાઓ હજુ પણ વિદ્યાર્થીઓને અમુક જ રંગ વાળા સ્વેટર પહેરવાનું દબાણ કરી રહ્યાં હોવાની માહિતી શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફૂલ્લ પાનશેરિયાને મળી હતી.. આ મામલે તેમણે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે આવી શાળાઓ સામે જીલ્લા શિક્ષણાધિકારી કાર્યવાહી કરશે.. તેમણે કહ્યું હતું કે આ મામલે સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે અને તમામ જીલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે

------------------------------------------------------------------------

- રીપીટ